REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. XLII ] TUESDAY 9TH JANUARY, 2001 / PAUSHA 19, 1922 [ No. 5**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.**

**PART-II* EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

**નગર રચના યોજના, સુરત નં. ૪૦ (લીંબાયત-ડીંડોલી) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત**

## અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨(૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૩૯ (ઉધના-લીંબાયત)

દક્ષિણે : સુરત-ભુસાવલ રેલ્વે લાઇન

પૂર્વે : સુરત મહાનગરપાલિકાની હદ

પશ્ચિમે : મોજે ઉધનાનો બાકીનો વિસ્તાર

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઇપણ વ્યકિત આ યોજનાના સંબંધમાં વાંધા / સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત,
તા. ૬-૧-૨૦૦૧

(ગુરૂપ્રસાદ મહાપાત્ર)
કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

**અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ,**

**સરદાર પટેલ સંકુલ, ઉસ્માનપુરા, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦૦૧૪.**

**-: અધિસુચન :-**

ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ના, એમેન્ડમેન્ટ એકટ-૧૯૯૯ની કલમ-૭૦(એ) મુજબ રાણીપ મુસદારૂપ નગર રચના યોજના નં-૧ પ્રથમ ફેરફારને કાયદાની કલમ-૭૨(અ) હેઠળ વાંધા સૂચન મંગાવવા માટે પ્રસિધ્ધ કરવા બાબત..

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૧-૧૨-૨૦૦૦ ની ૧૮૯મી બોર્ડ બેઠકના ઠરાવ ક્રમાંકઃ નં-૯૦ (૨૦૦૦-૨૦૦૧) થી અંતિમ ટી.પી.સ્કીમ નં-૧ રાણીપ ની દરખાસ્તોમાં અધિનિયમ -૧૯૭૬ના, એમેન્ડમેન્ટ એકટ-૧૯૯૯ ની કલમ-૭૦(એ) હેઠળ નીચે મુજબ ફેરફાર સૂચવવામાં આવેલ છે.

(૧) અંતિમ નગર રચના યોજના નં-૧, રાણીપના, અં.ખં.નં-૯૪, જેને 'ડીસ્પેન્સરી' ના હેતુ માટે સત્તામંડળને ફાળવવામાં આવેલ છે. તે હેતુના બદલે અં.ખં.નં-૯૪ ની જમીનને અં.ખં.નં-૮૫ તરીકે સૂચવવામાં આવેલ છે.

(૨) અં.ખં.નં-૮૫ પૈકીની ૨૭૪૩.૦૦ ચો.મી. જમીન, ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૦(૩) (જેજે) (સી) મુજબ 'સેલ ફોર રહેણાંક' તરીકે અં.ખં.નં-૯૪ સત્તામંડળને ફાળવવા સૂચવેલ છે.

ઉકત વેરીએશન અન્વયે ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૭૨(અ) મુજબ હિતસબંધ ધરાવનાર જે કોઇ વ્યકિતએ વાંધા સૂચન આપવાના હોય તો તે આ અધિસૂચન સરકારી રાજય પત્રમાં પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં મુખ્ય કારોબારી અધિકારીશ્રીને રજુ કરવા.

ઉકત વેરીએશન દર્શાવતો નકશો અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, સરદાર વલ્લભભાઇ પટેલ સંકુલ, ઉસ્માનપુરા, આરમરોડ, અમદાવાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે જાહેર રજા સિવાયના દિવસોએ ઓફિસ સમય દરમ્યાન જોઇ શકાશે.

ક્રમાકઃ- મુનરયો/રાણીપ-૧/પ્રથમ ફેરફાર/
તારીખઃ- ૬.૧.૨૦૦૧

મુખ્ય કારોબારી અધિકારી
અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ,
અમદાવાદ.